# ‘નિયાંપો’

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૭	અંક : ૧૯૬

પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪, ૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદિકા
**શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
૬૬૪૬ ૩૬૯૫, મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**દિનેશ કલ્યાણજી ગોસર**
૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૨૪૬૧ ૯૯૦૧૧

**રમેશ મણીલાલ શાહ**
૨૪૭૫ ૧૮૭૫, ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
email : hydkmm@gmail.com

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા, સુલતાન બજાર,
હૈદરાબાદ ૯૫ ફોન ૬૬ ૭૮૦ ૭૮૦
કિંમત - રૂ. ૧/-


‘‘નિયાંપો’’ માં પ્રગટ થતા કોઇ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઇ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

**ધનજી લખમશી સાવલા**

વિશ્વનાં પ્રત્યેક જીવાત્માની એક અદમ્ય ખેવના છે કે અજ્ઞાનનાં અંધારા પાર કરી, જ્ઞાનપ્રકાશનાં તેજોમય સ્વરૂપને પામે એની યાચના એટલીજ છે કે, ઊંડા અંધારે થી પ્રભુ પરમ તેજે તું લઈ જા જગતનાં જીવો પર અત્યંત કરૂણા આણી ભગવાન મહાવીરે જ્ઞાનપ્રકાશનો ઉજ્જળો માર્ગ દાખવ્યો. જેથી એમનાં જ નિર્વાણ કલ્યાણક ને આપણે પ્રકાશનાં ઉત્સવ- દિપોત્સવ તરીકે ઉજવીએ છીએ.

દિનપ્રતિદિન વધતી જતી, રાજ્યની અનિશ્ચિતતાએ વિદ્યાર્થીઓનાં ભણતર અને ભાવિ પર જાણે પ્રશ્નાર્થ મૂકી દીધો છે. ત્યાં ઉગ્રઆંદોલનની ચિમકીઓએ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળા કોલેજોનાં વ્યવસ્થાપકોને વધુ ચિંતામાં મૂકી દીધાં છે આવા ઘોર અંધારામાંથી આપણું રાજ્ય સુખરૂપ બહાર નીકળે એવી આપણી સૌની પ્રાર્થના છે...

આપ સહુ સભ્યપરિવારજનોને દિપાવલીની હાર્દિક શુભેચ્છા પાઠવું છું.



**મંડળના સર્વે સભ્યોંને**

**દિવાળી ની હાર્દિક શુભેચ્છા**

**તથા**

**નૂતનવર્ષાભિનંદન...**

હવે આપ વેબ સાઈટ ઉપર ‘‘નિયાંપો’’ વાંચી શકો છો
જેની વેબસાઈટ નિચે મુજબ છે :
**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**



## સંપાદકીય

સંપાદિકા : શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા
સહ સંપાદક : દિનેશ કલ્યાણજી ગોસર

વાચક ભાઈ-બહેનો સર્વેને દશેરા મુબારક તથા દિવાળીની શુભકામના...

ચિંતાનું વરવું સ્વરૂપ એટલે સ્ટ્રેસ-માનસિક તણાવ. તણાવની ક્ષણોનું જો સાચી દિશામાં આયોજન કરીએ તો જીવનમાં ઉન્નતિનો સિલસિલો નિરંતર ચાલુ રહેશે. વર્તમાન કાળમાં તણાવ એ ઉન્નતિ તથા સમૃધ્ધિ માટે અવરોધક છે. ૨૧ મી સદીનો મોટામાં મોટો અભિષાપ છે. હવે તો સ્કુલમાં જતા નાના વિદ્યાર્થીઓ પણ તણાવનો અનુભવ કરે છે.

અસ્તવ્યસ્ત જીવનશૈલી, સહયોગ કે સહકારની નીતીનો અભાવ, પ્રતિયોગિતાભરી જીંદગી, મોટી મહત્વકાંક્ષાઓ વગેરેએ આજના માનવીની તણાવની તિવ્રતા વધારી દીધી છે. તણાવ કોઈ બિમારી નથી પણ એટલું છેકે એનું સુનિયોજન ન હોય તો શરીર અને મનની બિમારીઓની એ જડ છે. માનસિક તણાવના સમયે સુનિયોજીત નિતી અપનાવો તો તણાવ વરદાનમાં બદલાઈ જાય છે. જીવનમાં જાગરૂકતા પેદા કરવી એ તણાવનું અમુલ્ય વરદાન છે. પરંતુ માનવી નકારાત્મક વિચારને કારણે જાગરૂક્તા પેદા કરવાની ચેતવણીને ધમકી માની ભયભીત થઈ જાય છે. માનવીના જીવનની ઉર્જા તણાવપૂર્ણ સ્થિતિમાંજ સમસ્યાના સમાધાન માટે તૈયાર થઈ જાય છે.

ચિંતા કે માનસિક તણાવના સમયે ભય તથા પલાયનવૃત્તિનો ભોગ ન બનતા સમસ્યાને સુલઝાવવાનો પ્રયત્ન કરવો. આવા સમયેજ આપણી આંતરિક શક્તિઓ મહત્વનો ભાગ ભજવે છે. શરીર પણ સ્કુર્તિ પ્રાપ્ત કરી કાર્યક્ષમતામાં ભારે વધારો કરે છે.

## સભ્યપદ સમિતિ

સંચાલક : મનીષ મગનલાલ સાવલા,
સહસંચાલકો:
લહેરચંદ લોડાયા, હરેશ હેમરાજ દેઢિયા

સહર્ષ જણાવવાનુ કે મંડળની સપ્ટેમ્બર માસની કારોબારી સમિતિની સભામાં નિમ્નલિખિત વ્યક્તિઓની આજીવન સભ્ય પદની અરજીઓને મંજુર કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧) | શ્રીમતિ છાયા સંજય લાલકા | વારાપધર | C/1001/09/11 |
| ૨) | શ્રી વૈભવ દિનેશ ગોસર | વિંઢ | V/1001/09/11 |
| ૩) | શ્રીમતિ ઇન્દિરા દિનેશ ગોસર | વિંઢ | I/1001/09/11 |
| ૪) | શ્રીમતિ પ્રિતી તુષાર સાવલા | સમાઘોઘા | P/1001/09/11 |
| ૫) | શ્રી મેહુલ વિજય દેઢિયા | કોડાય | M/1001/09/11 |
| ૬) | શ્રી ધિરેન દિનેશ સાવલા | બેરાજા | D/1003/09/11 |
| ૭) | શ્રીમતિ વર્ષા દિનેશ સાવલા | બેરાજા | V/1002/09/11 |
| ૮) | શ્રીમતિ મીનાક્ષી મોનીક ઘરમશી | સુથરી | M/1002/09/11 |

ઉપરોક્ત સર્વે સભ્યોને હાર્દિક અભિનંદન...

ભૂલ સુધાર: ગત માસમાં નિયાંપોમાં **સોહિન વલભજી સાવલા** નો સભ્યપદક્માંક S/1001/08/11 એમ વાંચવુ



# મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

અશ્વિન માસ એટલે નવરાત્રિ, દશેરા, શરદ પૂનમ અને દિવાળી જેવા મહાન, મંગલ અને ઉલ્લાસ પ્રેરિત પર્વોની બોલબાલા. નાના-મોટા સર્વનાં જીવનમાં હર્ષ અને આનંદ ભર્યા વાતાવરણની અસર થયા વિના ન રહે. નવરાત્રિનાં નવ-પર્વ માં નાના-મોટા સૌએ ખાસ કરીને યુવાઓએ આપણાં ગુજરાતનાં પારંપારિક રાસ-ગરબાની રમઝટ માણીજ હશે. આ અંક મળતાં સુધીમાં શરદ-પૂર્ણિમાનો ઉત્સવ પણ માણી ચૂક્યા હોઈશું.

રવિવાર તા. ૪-૯-૨૦૧૧ સંવત્સરી નિમિત્તે ક્ષમાપના મિલન, તપસ્વીઓનું બહુમાન અને ગુરુજનોનો સંદેશ સાંભળ્યા બાદ સ્વામિ વાસ્તલ્યનો લાભ લેનાર દાતા શ્રી અમૃતલાલ રવજી ભેદા તથા એમનાં કુટુંબીજનોનું બહુમાન કરવામાં આવ્યું. લગભગ ૨૪૦૦ સભ્યોએ સ્વામિવાત્સલ્યનો લાભ લીધો. ભગવાન મહાવીર જૈન રિલીફ ફાઉન્ડેશન નામની સંસ્થા માટેના દાનનાં સંદર્ભમાં ડાયાલીસીસ માટે વિનમ્ર અપીલ કરવામાં આવી. દાતાઓનો સહકાર પણ ખુબજ સંતોષજનક રહ્યો.

તા. ૨૨-૯-૨૦૧૧ નાં લગભગ ૧૦ પ્રવાસીઓ (ક.વી.ઓ. સમાજનાં) બાઈક પર લેહ-શ્રીનગરથી કન્યાકુમારીની યાત્રાએ જતાં હૈદરાબાદ આવેલ ત્યારે તેમનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું. કારોબારી સમિતિનાં કેટલાક સભ્યોએ હાજરી આપી હતી. યુવા-સમિતિનાં સંચાલક શ્રી કુનાલ હરિયા એમના સ્વાગત માટે મેડચલ સુધી ગયા હતા. સમિતિનાં કેટલાક સભ્યો પણ એમની સાથે જોડાયા હતા.

તા. ૨૫-૯-૨૦૧૧ નાં રવિવારે સવારે શ્રી ડુંગરશી રવજી મારૂ ટ્રસ્ટ અને લાયન્ચ ક્લબ ઓફ હૈદરાબાદ ઈસ્ટ સાથે મળી એક મેઘા સ્વાસ્થ્ય શિબિરનું આયોજન થયું. આયોજન ખૂબજ સફળ રહ્યું અને લગભગ ૨૫૦ જેટલી વ્યક્તિઓએ લાભ લીધો જેમાં છ જુદા જુદા વિભાગો રાખવામાં આવ્યા હતા.

તા. ૨૫-૯-૨૦૧૧ નાં શિક્ષણ સમિતિ દ્વારા સુવર્ણ તથા રજત પદકો આપવાનો સફળ કાર્યક્રમ યોજાયો. વિસ્તૃત જાણકારી સંચાલક શ્રી અન્યત્ર આપશે.

સપ્ટેમ્બર માસનાં નિયાપો અંકમાં બીજી વાર જાહેર કરેલ દાનની અપીલનાં જવાબમાં નીચે મુજબનાં દાતાઓએ પોતાનાં દાન જાહેર કરેલ છે. પાછળથી આવેલા દાનો નીચે મુજબ છે.

૧) શ્રી અમિત નિરંજન ગોગરી, ગામ પત્રી, રૂમ ફર્નિચર માટે રૂ. ૫૧,૦૦૦/- ૨) શ્રીમતિ ઉર્મિલાબેન પોપટલાલ કેશવજી છેડા, ગામ ગોધરા, રૂમ ફર્નિચર માટે રૂ. ૫૧,૦૦૦/- ૩) શ્રીમતિ ગુણવંતીબેન તલકશી ભાણજી ગડા, ગામ લઠેડી, રૂમ ફર્નિચર માટે રૂ. ૫૧,૦૦૦/- ૪) શ્રીમતિ દિનાબેન વિનોદભાઈ ધરોડ, ગામ પત્રી, ડોરમેટરી ફર્નિચર માટે રૂ. ૭૫,૦૦૦/-. હવે એક ડોરમેટરી અને એક રૂમ બાકી રહ્યા છે, જે માટે દાતાઓનાં નામો આવેથી બોર્ડ (તક્તી) લગાડી શકાશે. સપ્ટેમ્બર માસમાં ભવનની બુકીંગ નહિવત હતી. ઓક્ટોબર માસમાં ભવનની બુકીંગ ૧૦/૧૨ દિવસની છે. તા. ૨૯-૯-૨૦૧૧ નાં કારોબારી સમિતિની સભા યોજાઈ હતી.

શરદોત્સવ નિમિત્તે આપણે સહુ તા ૯-૧૦-૧૧નાં મળ્યા અને ખૂબજ હર્ષોલ્લાસ સાથે પ્રસંગને માણ્યો. મનોરંજન સમિતિ ના સંચાલક શ્રી પંકજભાઇ તથા તેમના સર્વ સાથીદારોને મંડળ તરફથી ખૂબ ખૂબ અભિનંદન. આ કાર્યક્રમ માટે સહયોગ આપનાર સર્વે દાતાઓનો ખૂબ ખૂબ આભાર.

**સમાજ ગૌરવ :** ખૂબજ આનંદ અને ગૌરવ સાથે જણાવવાનુ કે કચ્છી મિત્ર મંડળના માજીપ્રમુખ તથા મેનેજીંગ ટ્રસ્ટી **શ્રી ધીરજલાલભાઇ ટોકરશી કાપડિયા** જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગનાઇઝેશન JITO હૈદરાબાદ શાખાનાં સર્વાનુમતે પ્રમુખ પદે નિમાયા છે. એમને શ્રી કચ્છી મિત્ર મંડળ વતી ખૂબ ખૂબ અભિનંદન...

## માવજત સમિતિ

સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા

તા. ૨૫-૯-૨૦૧૧ ના શ્રી કચ્છી મિત્ર મંડળ તથા ડુંગરશી રવજી મારૂ ચેરીટેબલ ટ્રસ્ટ તથા લાયન્સ ક્લબ હૈદરાબાદ ઈસ્ટ દ્વારા આયોજિત મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પમાં આંખ, દાંત, ઓરથોપેડિક, કાર્ડિયાક તથા ડાયાબેટિક પરિક્ષણમાં લગભગ ૨૫૦ જેટલા સભ્યોએ લાભ લીધેલ.

કાર્ડિયાક તથા ડાયાબેટિકના આગળના પરિક્ષણ તા. ૯-૧૦-૨૦૧૧ ના એપોલો હૉસ્પિટલ નલ્લાકુંટામાં કરવામાં આવશે. કેમ્પમાં જે દરદીઓને પરિક્ષણમાં આગળ સારવારની જરૂરી હતી તેઓને જણાવવામાં આવશે.

મેડિકલ કેમ્પમાં વોલીન્ટીયર ભાઈઓ તથા બહેનોએ જે સેવા આપી તે માટે માવજત સમિતિ તેમનો આભાર માને છે.

બધા સભ્યોનું સ્વાસ્થય સારૂ રહે એ હેતુ થી માવજત સમિતિ હ્રદયને લાગતી બિમારીઓનું એક કેમ્પ તા. ૧૩ નવેમ્બર ૨૦૧૧ નાં રોજ યોજવા અંગે વિચાર કરવામાં આવેલ છે. જે પણ સભ્યો એનો લાભ લેવા ઇચ્છતા હોય તેઓએ પોતાના નામ કચ્છી ભવનની ઓફિસમાં નોંધાવવા વિનંતિ. વહેલા તે પહેલા ના ધોરણે ફક્ત ૫૦ સભ્યોનુંજ પરિક્ષણ કરવામાં આવશે. આ કેમ્પ નિઃશુલ્ક છે. જે ભાઇ-બહેનો બી.પી. અથવા ડાયાબીટીસ ના દર્દીઓ હશે તેમને પહેલા ચાન્સ આપવામાં આવશે. નામ નોંધાવતી વખતે જુના રિપોર્ટ આપણા દવાખાનાનાં ડૉ. દિપ્તી ભુતા ને બતાડીને એમની સહમતિ લેવી જરૂરી છે. **Consultation Time : 9 to 10am.** આ કેમ્પ અપોલો હૉસ્પિટલ નલ્લાકુંટામાં ડૉ. પંકજ ઝરીવાલા (કાર્ડિયોલોજીસ્ટ) ના સહકાર થી તદન નિઃશુલ્ક કરવામાં આવશે. કેમ્પમાં લીપીડ પ્રોફાઇલ, ફાસ્ટીંગ બ્લડ શુગર, ઇ.સી.જી., ૨-ડી ઇકો., વગેરે ની તપાસ કરવામાં આવશે. ત્યાર બાદ કોઇ ટેસ્ટ કે ટ્રિટમેન્ટની જરૂરત હશે તો રાહત દરે કરી આપવામાં આવશે.

## KMM SHANTI PRIMARY SCHOOL

**Vipul Harilal Nisar**
Correspondent, Ph : 919848129772

**"Michhami Dukkadam"**

This Word doesn't mean that you are **WRONG** and the other is **RIGHT**. It only means that you value the **relationship** much more than **EGO**. Inspite of political disturbances leading to bandhs, we managed to adhere to the schedule in the first quarter of the current academic year.

In the month of July, a Dental Check-Up camp was organised jointly with the Lions club of Hyderabad East. After an introductory talk on "Dental Care & its importance ", an oral Examination of all Students was conducted . Over 100 Students benefited by way of Check-Up and remedial procedure. We thank the Secretary of the Club Dr. Pawan Baldava and his team for readily agreeing to hold the camp. The presence of KMM WC Members and the Trustees augured well for the students and staff of the school.

August being the month of various festivals, Independence Day, Raksha Bandhan, Janmasthami, Ganesh Chaturthi & Paryushan Parv were celebrated with religious fervour by the students & the teachers.

The Students were explained the significance of each festival thereby imbibing rich cultural values of the country.

Teachers day was celebrated by the students on 5th Sept. September is the month of the Completion of the 1st Term of the Academic year. After the term exams, school closed for the Dusshera Vacations.

Our Aim of " **REACH ONE TEACH ONE** " is gradually getting good response . We once again request you to donate old story books, comics, puzzles suitable for the age group of 3 yrs to 10 yrs, for the school Library. Kindly mention your name, telephone number while handing over the same in KMM office.

# માનવ મિત્ર સમિતિ

સંચાલક : હરિલાલ ભીમશી સાવલા

આપ સર્વે મેમ્બર ભાઇબહેનોને માનવ મિત્ર સમિતિ તરફથી દશેરા તથા દિવાળીની શુભકામના...

**આશ્રમ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| કુનાલ પંકજ નંદુ | - | ૨૫૦ | હિરેન મુલજી પટેલ | - | ૨૫૦ |
| અજય ધરોડ | - | ૧૦૦ | માવજી ખીમજી ગાલા | - | ૫૦૦ |
| જયાબેન સુંદરજી ગાલા | - | ૫૧ | કીર્તી નાનજી ગાલા | - | ૨૫૦ |
| પ્રવીણ કારાણી | - | ૩૦૦ | ગોલ્ડન ઈન્ટરપ્રાઈઝ | - | ૩૦૦ |
| કુ.ઉર્વી હરેશ દેઢિયા | - | ૨૫૦ | માતુશ્રી રૂક્ષ્મણીબેન હીરજી નિશર | - | ૨૫૦૦ |
| હીના હીતેન સંગોઈ | - | ૫૦૦ | સ્વ. સાકરબેન ડુંગરશી મારૂ સ્મરણાર્થે | - | ૧૦૦૦ |
| લક્ષ્મીચંદ સુંદરજી નાગડા | - | ૫૦૦ | વિપૂલ હરિલાલ નિશર | - | ૫૦૦(જન્મદિવસ નિમીતે) |

**ગૌશાળા** રૂ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| કુનાલ પંકજ નંદુ | - | ૨૫૦ | હિરેન મુલજી મોમાયા | - | ૨૫૦ |
| અજય વેરશી ધરોડ | - | ૧૦૦ | યશવંત વોરા | - | ૨૦૧ |
| જયંત એમ. વોરા | - | ૧૦૦ | રૂપમ મુલચંદ લોડાયા | - | ૧૦૧ |
| રૂપમ મુલચંદ લોડાયા | - | ૧૦૧ | માવજી ખીમજી ગાલા | - | ૫૦૧ |
| જયાબેન સુંદરજી ગાલા | - | ૧૦૧ | કીર્તીભાઈ નાનજી ગાલા | - | ૨૫૦ |
| ભૂમીકા ગડા | - | ૨૫૧ | શ્રીમતી લતાબેન વિજયસિંહ ભાટીયા | - | ૫૦૦ |
| કુ. ઉર્વી હરેશ દેઢિયા | - | ૨૫૦ | કમલેશ માવજી ગાલા | - | ૨૦૧ |
| રૂક્ષ્મણીબેન હીરજી નિશર | - | ૨૫૦૦ | ગુણ ગુલાબ મંડળ | - | ૫૦૦ |
| જસ્મીન લાલજી ગડા | - | ૫૦૦ | હીના હિતેન સંગોઈ | - | ૫૦૦ |
| સ્વ. સાકરબેન ડુંગરશી મારૂ | - | ૧૦૦૦ | રૂપલ હિતેન ગાલા | - | ૫૦૦ |
| વિપૂલ હરિલાલ નિશર | - | ૫૦૦(જન્મદિવસ નિમીતે) | | | |

**હોસ્પીટલ માટે દાન**

| | | | |
|---|---|---|---|
| સ્વ. સાકબેન ડુંગરશી મારૂ | ૧૦૦૦ | લક્ષ્મીચંદ સુંદરજી નાગડા | ૫૦૦ |
| સોનલ પિયુષ ગાલા | ૫૦૦ | | |

**ડાયાલીસીસ માટે દાન (એક વ્યક્તિને ડાયાલીસીસ નો એક વખતનો ખર્ચ રૂ. ૫૦૦/-)**

માસ્ટર પૂરવ ધીરેન વીશનજી ગોગરી - ૨૧,૦૦૦/-

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | ડાયાલીસીસ | પ્રફુલ્લ કુંવરજી ધરોડ | ૨ | ડાયાલીસીસ | સ્વ. સાકરબેન ડુંગરશી મારૂ |
| ૨ | ડાયાલીસીસ | વસનજી ખેરાજ ગાલા | ૨ | ડાયાલીસીસ | એક સદગ્રહસ્થ |
| ૧ | ડાયાલીસીસ | ડૉ. રીટા હરીશ ગાલા | | | |

**મૂઠીભર અનાજ યોજના :** (ઓગસ્ટ, સપ્ટેમ્બર કલેકશન), ૪૧૦ કિલો ચોખા, ૩૫ કિલો દાળ મળેલ છે જે વિવિધ આશ્રમોમાં મોકલાવેલ છે.

**રક્ત દાન :** શ્રી વસંત પદમશી મોતા

**આભાર :** માતુશ્રી સાકરબેન ડુંગરશી મારૂ તથા શ્રી સુંદરજી કુંવરજી નાગડાના અવસાન પ્રસંગે તેઓની અંતિમક્રિયા વખતે માનવમિત્ર સમિતિએ આપેલ સહકાર માટે તેઓના પરિવારોએ આભાર વ્યક્ત કરેલ છે.

**નોંધ :** તા. ૨૭-૯-૨૦૧૧ થી શ્રી કચ્છી મિત્ર મંડળ થી મેસેજ સવારના ૯ વાગ્યાથી રાત્રે ૯.૦૦ વાગ્યા સુધી આપવામાં આવશે. જેના મોબાઈલમાં ડી.એન.ડી (ડુ નોટ ડિસ્ટર્બ) એક્ટીવેટ છે એને મેસેજ નહી મળે એની નોંધ સર્વે મેમ્બરોને લેવા વિનંતી.

(From 27-9-2011 as per TRAI regulations KMM SMS can be sent only between 9am to 9pm. Also Message will not be delivered to the mobile No. which are under DND activated. If you are interested in receiving the SMS of KMM, you are requested to get your Mobile number deactiveted from DND.)

**સંસ્થા સમાચાર :** શ્રી જીનેશ્વર મંડળ ફીલખાના આયોજીત ભક્તિગીત સ્પર્ધામાં **શ્રી શાંતિગુણ મહિલા મંડળ જિનેશ્વરધામ** કાચીગુડાએ પ્રથમ ઈનામ મેળવેલ છે.



# મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
ફોન : ૯૮૪૯૭ ૪૭૬૨૫

શરદ પૂર્ણિમા નિમિત્તે આયોજીત દાંડિયા, ગરબા અને વિવિધ હરીફાઇઓનો સુંદર કાર્યક્રમ આપણે રવિવાર તા. ૯-૧૦-૧૧ના દિવસે હનુમાન વ્યાયામ શાળામાં ઉજવ્યો, જેમાં આપણા સમાજના મેમ્બરોએ સારા પ્રમાણમાં હાજર રહી અનેરો રંગ જમાવ્યો.

કાર્યક્રમમાં સૌ પ્રથમ પ્રમુખ શ્રી ધનજી લખમશી સાવલા, મંત્રીશ્રી અમૃતલાલ ભાણજી નિસર તથા કારોબારી અને ટ્રસ્ટ મંડળના સભ્યોએ મંગલદીપ પ્રગટાવી શુભ શરૂઆત કરેલ.

વિવિધ સજાવટ જેવી કે આરતિ, તોરણ અને ગરબી-સજાવટમાં લગભગ ૫૬ બ્હેનોએ ભાગ લઇ કાર્યક્રમની શોભમાં અભિવૃદ્ધિ કરેલ.

બીજી બાજુ રંગબેરંગી વસ્ત્ર પરિધાનમાં હાજર નાના ભુલકાઓ થી લઇ મોટેરાઓ એ પણ વાતાવરણને રંગબેરંગી કરી દીધેલ. અમદાવાદથી પધારેલ હાર્મોની મ્યુઝીકલ ગ્રુપના ટ્રેડિશનલ તાલ ઉપર ગવાતા ગુજરાતી ગીતો ઉપર દાંડિયા, ગરબા અને સનેડોની રમઝટ મધ્ય રાત્રી સુધી ચાલતી રહી.

પ્રથમ વાર એન્ટ્રી ઉપર દરેક સભ્યનું નામ નોંધી વ્યવસ્થિત રીતે એન્ટ્રીકાર્ડ અને સ્ટીકર આપવામાં આવેલ. શરદ પૂનમની રાતના દૂધ-પૌંઆ ખાવાની લીજ્જત અને એની સાથે ચટાકેદાર વાનગીઓનો સ્વાદ સૌએ માણ્યો. દરેક હરીફાઇમાં વિજેતાઓની પસંદગીનું કાર્ય ખૂબજ ખંત પૂર્વક કરવા બદલ શ્રીમતી બીના મહેતા, શ્રીમતિ મેઘા બેંકર, શ્રીમતિ અમ્બીકા જૈન, શ્રીમતિ રીના હિન્ડોચા, શ્રીમતિ સાધના બંગારૂ, શ્રીમતિ કેતના દેઢિયાનો આભાર. કાર્યક્રમમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેનાર સર્વે મેમ્બરો, કમીટીના દરેક સદસ્ય, ટ્રસ્ટ બોર્ડના સર્વે મેમ્બરો, કાર્યક્રમના સર્વે સ્પોન્સર્સ સાથે કેટરીંગ ના મે. નીલગીરીસ, હનુમાન વ્યાયામશાળા, આકાર ડેકેરોટર્સ, આદર્શ સાઉન્ડ, રાજેશ ઇલેક્ટ્રીશ્યન અને બીજા સર્વેનો આભાર.

દરેક સફળ કાર્યક્રમની સફળતાનું શ્રેય હમેશા સાથ આપનાર સાથી કાર્યકર્તાની લગન અને મહેનતને રહે છે, એવા દરેક કાર્યકર્તાનો ખૂબજ આભાર.

**જીવનમાં રક્ત દાન - મૃત્યુ પછી નેત્ર દાન**

## WINNER OF VARIOUS COMPITETION

| DANDIYA | AGE GROUP | BOY | GIRL |
|---|---|---|---|
| Group A | Below 7yrs | Kevin | Vidhi Maru |
| Group B | 8-12yrs | Manan Chedda | Sharda Shah |
| Group C | 13-18yrs | Pratik Karani | Harshita Gala |
| Group D | 19-35yrs | Jayesh Gala | Dhruti Visariya |
| Group E | Above 35yrs | Jitendra Gala | Jayashree Mamaniya |

| DRESSING | AGE GROUP | BOY | GIRL |
|---|---|---|---|
| Group A | Below 7yrs | Samayak Chedda | Sanjana Gada |
| Group B | 8-12yrs | Mannan Chedda | Achira Nagda |
| Group C | 13-18yrs | Rakshit Gala | Payal Rana |
| Group D | 19-35yrs | Dhaval Vora | Poonam Lodaya |
| Group E | Above 35yrs | Ramesh Mehta | Kinnari Savla |

| GARBA | AGE GROUP | BOY | GIRL |
|---|---|---|---|
| Group A | Below 7yrs | Vansh Gosar | Moksha Dharod |
| Group B | 8-12yrs | Karan J. Gala | Nidhi Dharod |
| Group C | 13-18yrs | Vansh Gala | Charmi P. Savla |
| Group D | 19-35yrs | Hitanshi Bhanushli | Neha Palan |
| Group E | Above 35yrs | Mukesh Gosar | Roopal Savla |

Special Prize + 2 Lucky Draw Prize

1) Bharat Savla    2) Chandrika Savla

| FAMILY DRESSING | FIRST PRIZE | SECOND PRIZE |
|---|---|---|
| | MANISH SAVLA | AMEESH DHAROD |

| COUPLE DANDIYA | FIRST PRIZE | SECOND PRIZE |
|---|---|---|
| | HASMUKH GALA | KIRAN SANGHOI |

| DECORATION | FIRST PRIZE | SECOND PRIZE |
|---|---|---|
| AARTI DECO | CHARMI PANKAJ SAVLA | MITA PASAD |
| GARBA DECO | LEENA JITESH CHAUHAN | HINA VIJAY DEDHIA |
| TORAN DECO | BHAVNA V HENIA DHARINI P MOTA | |

## SPONSORS OF THE EVENT

M/S. NILGIRIS DAIRY FARM
M/S. SHANTI GROUP
M/S. MILAN DRESSES
M/S. POPULAR DRESSES
M/S. AARTEE COLLECTIONS
M/S. NAVRANG
M/S. BIG SHOT WORLD
M/S. RAJSHREE DRY FRUITS
M/S. INDIAN OPTICS
FRIEND SOCIAL GROUP
M/S. SRI RAJ JEWELLERY
M/S. R.K. CONSTRUCTIONS
M/S. DRESS LAND
M/S. KALPANA TRADING CO.
M/S. VISHAL CUTPIECE CENTRE
M/S. GANDHI GYAN MANDIR YOG KENDRA
M/S. SHREE SHANTINATH GRANITES
M/S. BOMBAY STORES
M/S. M.H. ENTERPRISES
M/S. SHREE SHANTI STORES
M/S. INDIAN EMPORIUM
M/S. SHREE KESAR TRADING CO.
M/S. LEO PACKERS & MOVERS (P) LTD.
M/S. BLUE STAR GROUP
M/S. ANDHRA PUNJAB ROADWAYS
M/S. VENUS THREAD WORKS
M/S. SHAH LALJI PARBAT
M/S. PADMAVATI ENTERPRISES
BEST COMPLIMENTS FROM WELL WISHERS
BEST COMPLIMENTS FROM WELL WISHERS




FOR ALL YOUR COMPUTER WORK

- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જૈ.જ.)

**અગર આપને સવારના ઉઠતાં એડીમાં સખત દુઃખાવો થતો હોય,**

ડાયાબેટીશના દરદીઓને પગમાં બળતરા કે અલ્સર હોય, તળીયામાં ન્યુરોપેથીની શરૂઆત હોય, કપાસીયા, ઘૂંટણમાં - કમરમાં દર્દ, ચીરા, ફ્લાટ ફુટ ઈત્યાદિ માટે એમ.સી.પી સોફ્ટ ફુટવેઅર મળશે જૈન ચામડા વગરનો બ્લેક, બ્રાઉન તથા સાધુ સંતો માટે સફેદ સ્લીપર, ચપ્પલ, સેન્ડલ, બૂટ મળશે. વ્યાપારી પૂછપરછ આવકાર્ય. વ્યક્તિગત ઓર્ડર કુરીઅરથી મોકલવામાં આવે છે. ફીઝીયોથેરેપી ટ્રિટમેન્ટ અમારા ક્લિનીક મા નિયમીત મળે છે. હાઉસ વિઝીટ ફેસીલીટી અવઇલેબલ છે.

**DR. PRASHANT SHAH**

Prashant College Building, Opp. Kumar Cinema Theatre, Kachiguda, Hyderabad-27.
Ph : 093910 17833, 093999 53035. www.drprashantshah.com

ANU FOOD PRODUCTS

*Secunderabad's Special*

*Specialist in :* ***Indore Namkeen, Mumbai Namkeen, Kerala Banana Chips, Potato Chips etc...***

*3-2-332, Somasundaram Street, Down to Manju Theater,*
*Secunderabad - 500 003 Ph : 2781 0222, 99080 21300*

(શ્રી. જ.)

શ્રી કનકેશ્વરી કૃપા

લક્ષ્મી પુજન, ચોપડા પુજન, શારદાપુજન, સત્યનારાયણ કથા, હવન, પીતૃકાર્ય, શાંતિ હવન, જન્માક્ષર પરથી, માર્ગદર્શન આપનાર સર્વ પૂજા કાર્ય કરનાર

સંપર્ક : પુજારી નરેશકુમાર ભટ્ટ (ખંભાતવાળા)

સેલ : ૯૨૯૧૪ ૫૩૧૨૪, ૮૮૯૭૬ ૬૪૦૨૫

।। શ્રી સચ્ચામાતાજીને નમઃ ।।

# શ્રી સચ્ચામાતાજીની પહેડી

**ધરોડ નુખના ભાવિકો અને નિયાણી બહેનો જોગ,**

સવિનય જણાવવાનુ કે ધરોડ ભાવીક મંડળના શ્રી સચ્ચા માતાજી ની પહેડી તથા જૂવાર તા. ૬-૧૧-૨૦૧૧ રવિવાર ના શ્રી કચ્છી ભવનમાં સવારના ૧૦ વાગે રાખવામાં આવેલ છે. જે ધરોડ ભાવીકોને જુવાર કરવા હોય તેઓ પોતાના નામ **શ્રી નવીનચંદ્ર કાનજી ધરોડ** ઇન્ડીયન ઓપ્ટીક્સ, રૉયલ પ્લાઝા કૉમ્પલેક્સ, સુલતાન બજાર, મધ્યે બની શકે એટલું જલ્દી નોધાવવા વિનંતી, જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

પહેડી માટે ધરોડ નિયાણી બહેનોને ભાવભર્યું આમંત્રણ છે.

લી. **ધરોડ ભાવિક મંડળ**, હૈદરાબાદ

ના જય સચ્ચા માતાજી

# વિવિધા

## ચિર-વિદાય

ટોકરશી વોરા

શાંતિ વન સમિતિ કચ્છી મિત્ર મંડળ હૈદરાબાદ ના સભ્યોના રવિવારી મિલનમાં પોતાના જીવન કાળ દરમિયાન એવી કોઈ ઘટના બની હોય જે સતત યાદ આવતી હોય, વિષય પર સભ્યો વ્યક્તવ્ય રજુ કરી રહ્યા હતા. તેમાં શ્રી ચિમનભાઈ રાંભિયા એ પોતાના જીવનકાળ દરમિયાન બનેલી એવી એક ઘટનાની રજુઆત કરી, જેના સમાપન વખતે હાજર સભ્યોની આંખો ભીની બની ગઈ. વર્ષો ફરીને આજ ઘટના શ્રી ચીમનભાઈ પોતાના શબ્દોમાં નિયાપોમાં પ્રગટ કરવા માટે નીચે પ્રમાણે લખી રહ્યા છે. આશા છે વાંચકોને જરૂર ગમશે.

રજૂ કરનાર : ચિમનલાલ રાંભિયા

આજે મારી ઉમર ૭૬ વર્ષ છે. પરંતુ હું મારી જિંદગીમાં બનેલી જે ઘટનાની રજુઆત કરી રહ્યો છું તેનો પૂર્વાપર સંબંધ મારી ૬ થી ૧૨ વર્ષની વયથી શરૂ થાય છે. મારું ગામ સમાઘોઘા તે વયમાં મારા બાળમિત્રોમાં ઠક્કરાઈ, રાજુપત-ચારણ-બારોટ વગેરે હતા. આ બાળમિત્રોમાં મારો ખાસ મિત્ર હતો ચારણ ખીમા માલા મારાથી ત્રણેક વર્ષ મોટો સ્વભાવે માયાળુ. ભણતર નહીં પરંતુ અજબ ગણતર, સંગીતનો શોખ-ખાસ કરીને ભજનો, અવાજ એટલો મધુર કે ભીમુદાન ગઢવી કે પ્રફૂલ દવેને પણ ભુલાવી દે અને તેમાં પણ કંઠમાંથી વાંસળી જેવા સૂર ઉત્પન કરી ભજન ગાય ત્યારે સાંભળનારને સ્તબ્ધ કરી દે.

સમય જતા એના લગ્ન ગામનીજ એક ચારણબાઈ સાથે થયા. તેના થકી બે બાળકો થયા. કુદરતનું કરવું છે તે બન્નેનું મનમેળ ન થતા. ખીમો મીઠાપુર ચાલ્યો ગયો અને ત્યાં તાતામાં નોકરીએ લાગી ગયો. હું મુંબઈ આવી ગયો. અમારી છેલ્લી મુલાકાત ૧૯૫૪ માં થઈ. પછી ન મલ્યા તે લાંબા સમય સુધી ન મળ્યા. સન ૧૯૬૦ માં હું હૈદરાબાદ આવ્યો. અહીં પણ ખીમાની યાદ વારેઘડીએ આવ્યા કરતી સ્વપ્નામાં પણ અમે મળી તો લેતાજ.

સન ૧૯૯૦ માં હું કચ્છ ગયો તે વખતે અમદાવાદ રોકાણ હતુ અહીં ખીમાની ફરીને યાદ આવી, થયું અહીં સુધી આવ્યો છું - તો ખીમાને મળી લઉં... મીઠાપુર સીધી બસ હતી... બેસી ગયો બસ માં અને સાંજના છ વાગ્યે મીઠાપુર પહોંચ્યો. મારા માટે આ સ્થળ સાવ અનજાન. વસ્તી ફક્ત મજુરોની, છુટા છવાયા ઘર લગભગ ઉજ્જડ લાગે. થયું અહીં ખીમા ને શોધવો ક્યાં ? ફરતા ફરતા પોતાના ઘરને ઉંબરે ઉભેલી એક ચારણ બેન પર નજર પડી. પાસે જઈ પૂછયું કચ્છના છો ? એમણે હા પાડી. મેં પૂછ્યું ખીમા માલાને ઓળખો ? કચ્છના સમાઘોઘાનો છે. બ્હેન કહે હા, ભા ઓળખું આવો મારી સાથે એમના ઘરે જવું છે ને, હું લઈ જઈશ. તે ભલી બાઈ મને છેક ખીમાના ઘરે લઈ ગઈ.

ખીમો મળ્યો બાથ ભરીને ભોટ્યા, આંખોમાં હર્ષના આંસુ આવી ગયા. ખાટલા પર બેસીને વિતેલા દિવસોની વાતો કરવા લાગ્યા. આમતો અમારા બન્નેની ઉમર મોટી થઈ ગઈ હતી. ઘરમાં દીકરો અને દીકરા-વહુ હતા. બધાને મળ્યા. ખૂબ ખૂબ આનંદ થયો.

કચ્છના સ્વ. શરદ શાહે ક્યાંક લખ્યું પણ છે, બાલ જીવનની યાદ રે સતાવે, ઊરે સ્મરણેના પૂંજ રે જગાવે. સ્મરણ ના ભૂલાય....

રાત્રે વાળુમાં ખીચડી, ખીચડીની ઉપર લોંદો ભરીને ઘરનું બનાવેલું માખણ અને છેલ્લે કાંસાની તાંસળી ભરીને દૂધ... સાથે ખાવા બેઠા, વાતો કરતા જઈએ અને ખાતા જઈએ. ખાવાનું ખૂટ્યુ વાતો ન ખૂટી.

ઉજાળી રાત હતી. ઘર બહારના ઓટલે બેસી, એના મધુર ભજનો માણ્યા અને એજ ઓટલા પર સફેદ દૂધ જેવી ચાંદનીમાં ઉંઘમાં સરી ગયો.

હા, વાત ખરી છે. વર્ષો પછી મળ્યા. સપનાનો એ સોદાગર હતો. જૂના સ્મરણો વાગોળતા વાગોળતા અમે આખી દુનિયાને પાછળ ધકેલી દીધી. નાનપણનો ગોઠીયો, રાતોની રાતો ભેળા થઈ વિતાવીયે તોય વીતી જાય સમય સરતો ગયો ફરીને મળશું એ વાયદા સાથે છૂટા પડ્યા.

પણ હાયરે નિષ્ઠૂર કુદરત મનનું ધાર્યું થાય છે ત્યારે, આપણે કેટલા વામણા અને નિરાધાર બની જઇએ છીએ તેનો અંદાજ મને ત્યારે થયો જ્યારે એના દીકરાએ ફોન પર એના અધા (પિતાશ્રી-ખીમો) ભગવાનને પ્યારા થઈ ગયા ના દુઃખદ સમાચાર આપ્યા. ત્યારે શું આટલા વર્ષો એ મારી રાહ જોતા હતા ? હું અંદરથી હલબલી ગયો આ જિંદગી આ સંબંધો આ યાદો આ મિલન અને વિદાય... બધુજ ક્ષણ ભંગૂર... હવામાં વરાળ બની ઉડી ગયા. ચારે તરફ ઝાંઝવા જ ઝાંઝવા.

એક ભજનની એકાદ રૂડી યાદ આવે છે. કદાચ દુલા ભગતની રચના છે.

*વડલો કહે મારી વનરાઈઓ સળગી, સળગે જુના માળા-ઉડીજા પંખી પાંખો વાળા...*

કોઈને આ ભજન યાદ હોય તો જરૂર લખી મોકલે. છેલે પરમ કૃપાળુ પરમાત્મા મારા પ્યારા મિત્ર ખીમાની આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...

## એક વડીલની ઈશ્વરને પ્રાર્થના

અંગ્રેજીમાંથી તરજુમો તથા સંકલન : **રમેશ એમ. શાહ**

હે ઈશ્વર તું તો અંતર્યામી છો, મારા કરતા તું વધારે સારી રીતે જાણે છે કે મારી ઉમર વધતી જાય છે અને એક દિવસ હું ખરેખર વૃધ્ધ બની જઇશ.

પ્રભુ મને વાતોડિયો બનતા રોકજો ખાસ કરીને એ આદતથી કે મારે હર કોઇ પ્રસંગે કંઇ કહેવુંજ જોઇએ.

હર કોઈની અંગત બાબતોમાં દખલગીરી કરવાની મારી અદ્મ્ય ઈચ્છામાંથી, હે પ્રભુ મુક્ત રાખશો. બીન જરૂરી વિગતોનું લાંબુ લાંબુ વર્ણન કરવાના મારા સ્વભાવને બદલે પ્રભુ, મારી વાણીને પાંખ આપો કે ઉડીને હું સીધો મુખ્ય વિષય ઉપર આવી શકું.

હે નાથ, મને એવી ધીરજ આપો કે બીજાના દુઃખ દર્દ હું શાંતિથી સાંભળી શકું, તેમને સાંત્વન આપી શકું, કંઈ નહીં તો સહાનુભૂતિના બે બોલથી તેમના પીડીત મનને મલમ લગાડી શકું. પણ, સાથે એવી શક્તિ આપો પ્રભુ, કે પોતાના દુઃખદર્દ માટે મારા હોઠ સીવાયેલા રહે.... જે ખરેખર દિન પ્રતિદીન વધતાજ જાય છે, વધતાજ જાય છે. મને એ ઉત્તમ પાઠ શિખવાડો કે મારી ભુલ હું હિમ્મતથી વગર સંકોચે સ્વીકારી શકું.

મારી વાણીમા થોડી મીઠાસ આપો પ્રભુ, હું સાધુ સંત તો નથી બનવા માગતો પણ મને ખ્યાલ છે કે કર્કશ વૃધ્ધ કોઈના વહાલા ન બની શકે.

મારી પાસે વર્ષોના અનુભવનો કિમતી ખજાનો છે, તે વાપરી અંત સમયે મારે થોડા મિત્રો જોઈએ છે. પ્રભુ તે ધ્યેયમાં મને સાથ આપશો એજ મારી આપને ભાવભરી પ્રાર્થના છે.

## અજમાવી જુઓ

સંકલન : **રમેશ એમ. શાહ**

**પેશાબ વેળા બળતરા** : સ્ત્રી હોય કે પુરૂષ પેશાબ વેળા બળતરા થતી હોય તો સાવ જ સરળ ઉપાય છે. દર રોજ સવારે ઉઠી નરણા કોઠે ફક્ત એક લોટા શુધ્ધ પાણીમાં જરાક સાકર વાટીને નાખી હલાવી એ બધું ધીમે ધીમે પી જાઓ. આવું દરરોજ કરતાં રહો અંદાજે અઠવાડિયામાં જ પેશાબ વેળા થતી બળતરા મટી જશે. ધારો કે આ પ્રયોગને એક અઠવાડિયા કરતા વધારે સમય લાગે તો પણ શું વાંધો છે ? પ્રયોગ અકસીર છે. ડાયાબીટીસ પેશંટ ડોક્ટરને કન્સલ્ટ કરી પ્રયોગ કરે.

**શરદી :** શરદી ઘર કરી ગઈ હોય ને મટવાનું નામ ન લેતી હોય ત્યારે અજમાનો કાઢો રામબાણ ઉપચાર છે. સુકો અજમો એકાદ ચમચો અને પાણી આસરે અડધો લીટર લઈને ખુબ ઉકાળીને ચોથો ભાગ બળી જાય એટલે ઉતારીને ગાળી લઇ એજ ગરમા-ગરમ પી લેવું. આ પ્રમાણે શક્ય હોય તો હરરોજ ત્રણેક વાર તાજો અજમાનો ઉકાળો પીતા રહેવું. ભલભલી શરદી જડ-મુળથી મટાડનારો આ ઉપચાર સહેજ ગરમ જરૂર પડે છે, પણ શરદીની આ સાવ સસ્તી, આડ-અસર વગરની ને સુલભ દવા છે.

## ટકોરો મારી તો જો

**કવિ : કીર્તિકાન્ત પુરોહિત** **સંકલન : લાહિરી શાહ**

કાચું છે કે પાકું, કંઈ માલમ પડે, તું યે ટકોરો મારી તો જો
આ ઘડૂલો ખુદ હકીક્ત બોલશે, તું યે ટકોરો મારી તો જો.
બે વચ્ચે બારણા બંધ છે વરસોથી, કશા કારણ વગર પણ
ફટ કરી પળવારમાં ખૂલી જશે, તું યે ટકોરો મારી તો જો.
ક્યાંક ઈશ્વર ટુંટિયું વાળી, સુતેલો પડ્યો છે માનવીમાં
પાપ-પુણ્યો ક્યારના નાહક મથે, તું યે ટકોરો મારી તો જો.
ભરથરી, વાલ્મીકી કે તુલસી સમા, જાગી ગયા તા ઊંઘમાંથી,
જાગવા સમરથ હશે તે જાગશે, તું યે ટકોરો મારી તો જો.
સંત, શેખો, પાદરી ને ઓલિયા, કાંતે અલગ ફિરકા થઈને,
ટેરવું તારૂં સુતર સાચું કળે, તું યે ટકોરો મારી તો જો.
જૂઠના પણ પાલળા થઈ, શ્વાસ રુંધાશે ખરી ઊંચાઈ પર તો,
આવશે થાકી તળેટીમાં, તું યે ટકોરો મારી તો જો.
કેટલા અણખૂટ અલ્લાદીનના, ભંડાર છૂપા ભીતરે છે.
મૌનનું સીમ-સીમ ગુફાને ખોલશે, તું યે ટકોરો મારી તો જો.
કીર્તિના વાઘા પહેરી, ચાલતી સંવત્રોથી વારતાઓ.
ઊંચકી વેતાળ વિક્રમને ફરે, તું યે ટકોરો મારી તો જો.

## હસ ગુલ્લા

**સંકલન : રમેશ એમ. શાહ**

**૧) લંગોટિયો ભાઈબંધ**

સહકારી વકીલ : તમોરો કેસ કોણ લડવાનો છે ?
આરોષી : કોઈ નહીં
સહકારી વકીલ : એટલે કે તમારો કેસ તમે જાતેજ લડશો ?
આશેપી : જી સાહેબ
સરકારી વકીલ : એટલે કે મદદ કરી શકે એવો કોઈ મિત્ર તમારે છે જ નહીં ?
આરોપી : છે ને આ જજ સાહેબ મારા લંગોટિયા ભાઈબંધ છે.

**૨) જજ (કડકાઈથી) :** સાચું બોલ, તું ગુનેગાર છે કે નહીં ?
આરોપી : એ તો મારો વકીલ જે પુરાવા પેશ કરવાનો છે તે જોયા પછી જ ખબર પડે ને ?

3) Passenger : Where the train is going ?
Station Master : It is going to Delhi in 15 minutes.
Passenger : Oh ! Such a fast train.

૪) એક પ્રવચન દરમિયાન એક શ્રોતા ઉભો થઇને ચાલવા લાગ્યો. વક્તા ગુસ્સે થઇ ગયા. એણે ચાલુ પ્રવચને કહ્યું, એક્સ્ક્યુઝ મી ! હું આટલી મહત્વની વાત કહી રહ્યો છું ત્યારે તમે ભાષણ અધુરું છોડીને શી રીતે જઇ શકો છો ?

તરત એક સ્ત્રીએ ઉભા થઇને વક્તાને કહ્યું, જવા દો ને સાહેબ, મારા પતિને ઉંઘમાં ચાલવાની આદત છે.

## દિપાવલી પર્વોના મુહર્તો

પં. ભરત ભટ્ટ (જ્યોતિષ અને વાસ્તુ સલાહકાર) ૯૪૪૦૪૯૮૩૦૮

પર્વ : પુષ્ય નક્ષત્ર દિન આસો વદ ૮ ગુરૂવાર, તા ૨૦-૧૦-૧૧

**શુભકાર્યઃ ચોપડા ખરીદવા ઑડર આપવાનો શુભ દિવસ**

| | |
|---|---|
| ૦૬.૩૦ થી ૦૮.૦૦ | શુભ |
| ૧૧.૩૦ થી ૧૫.૩૦ | ચલ, લાભ, અમૃત |
| ૧૭.૦૦ થી ૨૧.૩૦ | શુભ, અમૃત, ચલ |

ધનતેરસ આસો વદ ૧૨ તા. ૨૪-૧૦-૨૦૧૧ (બપોરે ૧૨.૩૨ પછી) સોમવાર

**શુભકાર્ય : શ્રીયંત્ર પૂજા ધનવંતરી પૂજન ચોપડા લાવવા ગાદી બીછાવવા માટે નો શુભદિવસ**

| | |
|---|---|
| ૧૪.૦૦ થી ૨૦.૦૦ | ચલ, લાભ, અમૃત, ચલ |
| ૨૨.૫૦ થી ૨૪.૨૩ | લાભ |

દિવાળી (લક્ષ્મી પૂજા) આસો વદ ૩૦ તા. ૨૬-૧૦-૧૧ બુધવાર

**શુભકાર્ય : દીપ પ્રાગટ્ય ઉત્સવ મહાલક્ષ્મી પૂજા શારદા પૂજા**

| | |
|---|---|
| ૦૬.૩૦ થી ૦૯.૩૦ | લાભ, અમૃત |
| ૧૧.૦૦ થી ૧૨.૩૦ | શુભ |
| ૧૫.૩૦ થી ૧૮.૩૦ | ચલ, લાભ |
| ૨૦.૦૦ થી ૨૪.૩૦ | શુભ, અમૃત, ચલ |

વિક્રમ સંવત ૨૦૬૮ નવુ વર્ષ કારતક સુદ ૦૧ તા. ૨૭-૧૦-૨૦૧૧ ગુરૂવાર

**શુભકાર્ય : સ્નેહમિલન દિન, ચોપડામાં મિતેનાખવી વડીલો, ગુરૂના આશીર્વાદ પામવાનો દિવસ**

| | |
|---|---|
| ૦૬.૩૦ થી ૦૮.૦૦ | શુભ |
| ૧૧.૦૦ થી ૧૨.૩૦ | ચલ |

## HOME REMEDIES FROM SIMPLE HOUSE HOLD HERBS

***Dr. Meenakshi Agarwal***

Ayurveda had many medicines which we use regularly as plants in Pooja as Masala in kitchen. But we did not recognise those things as medicines or we know their use but does not remember its method to use when we want to use it. So, here I am describing one such herb which we all Indians have in our home and we worship it daily but we does not know that this god is really a god which can save us from many diseases. It is **"TULSI PLANT"**. It has many medicinal properties from which I am stating some.

- 2 Tender leaves of neem taken empty stomach along with the decotion of tulsi leaves, in the morning, helps reduce blood sugar.
- The juice of Tulsi leaves mixed e fresh water should be administed every 2-3 hrs. to bring down high temperature (fever) specially in children.
- Cough syrup made from Tulsi leaves and honey helps to mobilise musus in bronchitis and asthama.
- Chewing Tulsi leaves provides relief from Cold & Flu.
- Few drops of tulsi swarasa provides relief from ear ache.
- Tulsi swarasa is also used in digestive disorders it also acts as antidote for snake or scorpion bite.
- Tulsi also helps in reducing symptoms of viral hepatitis and abdominal ....
- It can also be used in treatment of Tuberculosis.
- Oil obtained from Tulsi plant is as potent antimalarial drug. It also acts as mosquito repellent.
- Tulsi oil enhances body immunity by increasing antibody production.
- It possesses antifertility effect by reducing the oestrogen hormone levels in frmales and decreasing sperm count in males.
- It also treats ring worms of skin.
- Tulsi is also a good antioxident, reduces stress & delays ageing.

શ્રી શાંતિનાથાય નમઃ

**શ્રી અચલગચ્છ જૈન સંઘ, હૈદ્રાબાદ (સીટી)**

**પંચપરમેષ્ઠી મહિલા મંડળ હૈદરાબાદ સીટી** અને

**બૃહદ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવાર**

પ્રેરીત હૈદરાબાદ શહેરમાં **શ્રી જયંતભાઈ રાહીના અદ્‌ભૂત અલૌકીક દિવ્ય સંગીતમય**

# વિરાટ નવકાર ભાષ્ય જાપ અનુષ્ઠાન

**શુક્રવાર તા.૧૧-૧૧-૨૦૧૧ના સુવર્ણદિને**

જાપનો સમય : સવારના ૯ કલાકે શરૂ

સ્થળ : કચ્છી ભવન, ઈડનબાગ, રામકોટ, હૈદરાબાદ

પંચમંગલ મહાશ્રુતસ્કંધ જેની શાસ્ત્રોમાં બહુજ બહુમાનપૂર્વક ઓળખ કરવામા આવે છે તે છે નવકાર મહામંત્ર. જેમ પક્ષીઓમા હંસ, મુનિઓમા જૈન મુનિ, ગાયો મા કામધેનુ, તીર્થોમા શત્રુંજય તીર્થ, યંત્રોમા સિધ્ધચક્ર યંત્ર તેમ મંત્રોમા **નવકાર મહામંત્ર સર્વશ્રેષ્ઠ છે.** એવા મહામંગળકારી નવકાર મંત્રના ભાષ્ય જાપ **પ.પૂ. સાધ્વીજી ભગવંત શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ. સાધ્વીજી શ્રી કોટીગુણાશ્રીજી મ.સા.**ની શુભનિશ્રામાં **શ્રી જયંતભાઈ રાહી** ના સંગીતમય સથવારે કચ્છી ભવન હૈદરાબાદ મધ્યે આયોજિત કરવામા આવેલ છે.

તા. ૧૧-૧૧-૨૦૧૧નો દિવસ અતિ પવિત્ર દિવસ ગણાય છે. જ્યોતિષ શાસ્ત્રની દષ્ટીએ **૮૨૩વર્ષ** બાદ, આ દિવસે એવો મહાન લક્ષ્મીયોગ આવે છે કે આ દિવસે જે પુણ્યાત્મા ધર્મ આરાધના કરશે, નવકાર આરાધના કરશે તે સુશ્રુત લક્ષ્મીનો સ્વામી બનશે. શુક્રવારનો દિવસ સંપૂર્ણ સુખાકારીનો દિવસ છે. આ દિવસે નવકારની આરાધના કરી આત્માને પરમાત્મામય બનાવી શકાય છે. આવો અપૂર્વ યોગ આપણા જિંદગીમા આવેલ છે. તે સુર્વણમય તક ને ઝડપી લઈએ.

નવકાર મહામંત્રના આરાધક **શ્રી જયંતભાઈ રાહી** વર્ષોથી મુંબઈમા નવકાર મહામંત્રની રણકાર ચારે તરફ ગુંજાવી રહ્યા છે. મુંબઈમા નવકાર મહામંત્ર પ્રત્યેની અકલ્પનીય એવી જાગૃતિ લઈ આવનાર શ્રી જયંતભાઈ રાહી આપણી વચ્ચે નવકાર મંત્ર ગુંજાવશે. અનુષ્ઠાનમાં ભાગ લેનાર દરેક ભાવિક માટે અનુષ્ઠાન બાદ સ્વામિવાત્સલ્ય રાખવામા આવેલ છે. નવકારના જાપ બરાબર ૯.૦૦ વાગે શરૂ કરવામા આવશે.

સ્વામિવાત્સલ્ય ના લાભાર્થી : **શ્રીમતિ લતાબેન મણીકાંત મોમાયા**

ખાસ નોંધ : સ્વામિવાત્સલ્યના પાસ ૯.૦૦ વાગ્યા સુધી જ આપવામા આવશે.

પધારનાર દરેક ભાવિકોએ શ્વેત વસ્ત્રોમા પધારવા વિનંતિ.

સાધારણ ફંડમાં આપનો અમુલ્ય ફાળો જરૂરથી લખાવશો. (જા.ખ.)

Jai Mahaveer

*We wish all our patrons a very happy dushera a glittering Deepavali*

**SOLVE YOUR WATER PROOFING PROBLEMS**

*For all your above problems we*

# NAMAN
# Construction Solutions

***Will help you-out to overcome the situation Undertake turnkey job with the latest technology, product and have the skilled workmanship to help you-out to overcome the watery situation.***

*Specialist for :* **Treatment for Water Leakages from Terrace, Bathrooms, Toilets, Corridors, Side Walls & Balconies. Protection from dampness to Stone, Granite, Marble Cladding etc.,**

*You be Absolutely Tension Free*

Contact :
**VARDHAMAN DEVJI LODAYA**
B/1, Suryanarayana Apts., Opp. Gujrati Pragati Samaj Function Hall,
Lingampally, Kachiguda, Hyderabad - 500 029 (A.P.) Ph : 98853 41835
E-mail : naman.construction.solutions@gmail.com

**We Serve :**
**RESIDENTIAL, COMMERCIAL & INDUSTRIAL AREAS TOO**

(શ્રી. ૫.)

# આન્ધ્ર પ્રદેશ કચ્છી વિસા ઓસવાલ સમાજ



આ.પ્ર. ક.વી.ઓ. સમાજ તથા દ.ભા. ક.વી.ઓ. જૈન એકમના પ્રમુખ લોક લાડીલા શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈજેશન (JITO) ના હૈદરાબાદ ચેપ્ટર ના ચેયરમેન તરીકે વરણી થયેલ છે. જે આપણા સમાજ માટે ખૂબજ ગૌરવની વાત છે.

શ્રી ધીરજભાઇ વર્ષોથી વિવિધ સામાજીક ક્ષેત્રે સંકળાયેલા છે તેમના પિતાશ્રી ટોકરશીભાઇ લાલજી કાપડિયાના પગલે ચાલી ને સમાજ ઉત્થાનમાં ઘણો મહત્વનો ભાગ ભજવેલ છે. એમને આપણા સૌ વતી ખૂબ ખૂબ અભિનંદન...

## શ્રી મધ્ય પ્રદેશ ક.વી.ઓ. જૈન સંઘ દ્વારા પરિચય દર્પણ - ૨૦૧૨ (ડાયરેક્ટરી)

લગ્ન એ સંસારનું ગુરૂતત્વકેન્દ્ર બિન્દુ છે. પ્રકૃતિનાં નિયમ અને સમાજનાં દ્રષ્ટિકોણને નજર સમક્ષ રાખીને વિચારીએ તો લગ્ન યોગ્ય વયમાં થવા જોઇએ.

સામાન્ય રીતે જોઇએ તો પોતાના સુપુત્ર-સુપુત્રીઓ માટે યોગ્ય પાત્ર શોધવાની જવાબદારી એમના વડીલોની રહે છે. જીવનની અનેક જવાબદારીઓ માની આ પણ એક અતિ મહત્વપૂર્ણ જવાબદારી કે લગ્નોત્સુક યુવક-યુવતિઓ માટે યોગ્ય પાત્ર શોધવાનું કાર્ય એક સમસ્યા નહીં પણ સમાધાન સ્વરૂપે પુરૂષાર્થ કરીએ તો સગપણ સરળતા થી શોધાઇ શકાય.

અન્ય સમાજમાં મોટા ભાગનાં સગપણો જાહેરાત-વેબસાઇટ અને ડીરેક્ટરીના માધ્યમથી સરળ બને છે. જ્યારે આપણા સમાજમાં આપણા ઉમેદવારો ને જાહેરાત કરવામાં સંકોચ થાય છે. આટલી બધી સંકોચ જાળવીને ક્યો સેતુ સાર થવાનું છે એ વિચારવા યોગ્ય છે. આજે કોઈપણ છોકરીઓ ઘુંઘટા તાણીને ઘરમાં બેસતી નથી-બધી કોલેજોમાં જાય છે, પિકનિક, પાર્ટીઓમાં જાય છે, ફેસબુક-યાહુ-ટ્વિટર ઈત્યાદિ સોશ્યલ નેટવર્ક પર એમની વિગત અને ફોટો હોય છે અને મોટી કમ્પનીઓમાં સારો હોદ્દો ધરાવે છે માટે જે સમાજમાં આપણે જીવનસાથી શોધવાનું હોય ત્યાં સમાજથી સંકોચ જાળવવાનું કોઇ હેતુ નથી.

આ સમસ્યાના સમાધાન રૂપે શ્રી મ.પ્ર. ક.વી.ઓ. જૈન સંઘે પરિચય દર્પણ - ૨૦૧૨ ડાયરેક્ટરી પ્રગટ કરવાનું નક્કી કરેલ છે. આન્ધ્ર પ્રદેશ સમાજના ૨૧ વર્ષથી ઉપરના લગ્નોત્સુક યુવક-યુવતિઓએ ફોર્મ ભરી શકે છે. ફોર્મ અને અન્ય જાણકારી માટે સંપર્ક : પોપટલાલ કેશવજી છેડા (માનદ્‌મંત્રી) ૯૪૪૦૦ ૫૫૧૧૩, દિનેશ કલ્યાણજી ગોસર (સહમંત્રી) ૯૩૯૧૧ ૯૯૦૧૧ નો સંપર્ક કરવા વિનંતી.

## શ્રી ક.વી.ઓ.સેવા સમાજ મુંબઇ આયોજિત બિન્દાસ બોલ વકતૃત્વ સ્પર્ધા

પબ્લીક સ્પિકીંગ એટલે વકતૃત્વ કળા, એ આધુનિક યુગની વ્યક્તિના વ્યક્તિત્વને શોભાવતું આભુષણ છે. તેના સમયસર અને યોગ્ય ઉપયોગથી દરેક વ્યક્તિ શૈક્ષણિક,સામાજીક, વ્યવસાયિક અને વ્યવહારિક ક્ષેત્રે અનેક મંજિલો સર કરી શકે છે. કચ્છી સમાજના બહોળા વર્ગને આ કળામાં પારંગત થવાની તક મળે અને પોતાના વ્યક્તિત્વના વિકાસના સાધન તરીકે તેનો ઉપયોગ કરી શકે એ આ સ્પર્ધાનો હેતુ છે.

સૌથી આનંદની વાત એ છે કે આ સ્પર્ધા આ વર્ષે ૨૫માં વર્ષમાં એટલે કે સિલ્વર જ્યુબિલી ઈયરમાં પ્રવેશી છે. વિવિધ વય મર્યાદા ગ્રુપમાં વહેચાયેલી આ સ્પર્ધામાં ભાગ લેવા આપણા સમાજના બાળકોને આમંત્રણ મળ્યું છે. સ્પર્ધામાં કચ્છી ગુજરાતી, હિન્દી, ઈન્ગલીશ અને મરાઠી ભાષામાં ભાગ લઈ શકાશે. નિચે મુજબના વિષયો ઉપર બિંદાસ બોલવાનું છે.

ગ્રુપ એ-૧ :

૧. આપણી ખબર પત્રિકા - સંપર્ક સેતુ કે પ્રસિદ્ધિનો હેતુ ?

૨. આજના યુગની વિચારધારા - કામ પતાવો ?

ગ્રુપ એ :

૧. લગ્ન સંબંધી સમસ્યાઓનો સચોટ ઈલાજ - કાઉન્સેલીંગ

૨. સુંદરતા : આંખોથી કે મનથી ૩. લવ યુ જીંદગી ૪. ધર્મ એટલે

૫. શું કચ્છમાં ફરી વસવાટ કરવાનો આ યોગ્ય સમય છે ?

ગ્રુપ બી :

૧. શું આજનો યુવાન નિરાશા તરફ ધકેલાઇ રહ્યો છે ?

૨. ગર્લફ્રેન્ડ / બોય-ફ્રેન્ડ વિનાનુ કોલેજ જીવન (કોમેડી)

૩. સોશ્યલ નેટવર્કીંગ સાઈટ્સ - આશીર્વાદ કે અભિશાપ

૪. ક્રિકેટ - સ્પોર્ટસ કે ધંધો ૫. જો હું શિક્ષણ મંત્રી હોઉં તો...

ગ્રુપ સી :

૧. બગડેલો મોબાઈલ બોલે છે. ૨. મફત મેળવવાની કળા (કોમેડી)

૩. હમારી માંગે પુરી કરો ૪. હું અન્ના હઝારે હોઉં તો ૫. દુનિયામાં બધું જ શક્ય છે. (કાળા માથાનો માનવી ધારે તે કરી શકે)

ગ્રુપ ડી :

૧. મારા સ્વપ્નમાં આવ્યા ગણપતિ બાપ્પા. ૨. શિખામણોનું આઉટગોઇંગ ફ્રી છે (કોમેડી) ૩. મારે મોટા નથીં થવું ૪. સોરી, મારી પાસે સમય નથી. ૫. તંદુરસ્તી એ જ સાચી સંપત્તિ છે.

ગ્રુપ ઈ :

૧. મારા બેસ્ટ ફ્રેન્ડ મારા મમ્મી કે મારા પપ્પા ૨. મને ગમતું ફળ/ફુલ/શાક (પરિધાન સાથે) ૩. જો મને ડોરેમોનના સાધનો મળી જાય તો...

૪. હું ગંદો-ગોબરો રહું એમાં શું વાંધો છે ? ૫. વાર્તાકથન

ફોર્મ અને અન્ય જાણકારી માટે સંપર્ક : પોપટલાલ કેશવજી છેડા (માનદ્‌મંત્રી) ૯૪૪૦૦ ૫૫૧૧૩, દિનેશ કલ્યાણજી ગોસર (સહમંત્રી) ૯૩૯૧૧ ૯૯૦૧૧, તારાચંદ ધરોડ (કન્વીનર) ૯૮૪૯૦ ૧૭૭૫૨ નો સંપર્ક કરવા વિનંતી.

સ્પે. નેચરલ મેંગો

સ્પે. સીતાફળ

## અમુલ - વાડીલાલ - અમુલ

# આઈસ્ક્રીમ

**આઈસ્ક્રીમ ઓલ વેરાયટીઝ**

**પાર્ટી પૈક ૨ લીટર તથા 1+1 આઇસક્રીમ ફ્રી**

**Top In Town ચાટ આઇટમ્સ**

**સ્પે. પાંઉભાજી, ભેલપુરી, આલુચાટ, પાનીપુરી,**

**સમોસા રગડા, કટલેટ, વેજ, સેન્ડવીચ**

## સ્પે. નમકીન-ગાર્ડનફ્રેશ

**ચેવડા ગોલ્ડન, મીની ભાખરવડી, ભાવનગરી ગાંઠીયા, ડાયેટ ચેવડા,**

**ઇન્સ ભેલપુરી, રાયતાબુંદી, નાયલોન સેપ, ઓલટાઇમપુરી**

## ખાખરા ૭ વેરાયટીઝ

# સ્વેત ફ્રીઝીંગ

નૃપતુંગા કોલેજ સામે, બસન્ત કૉલોની પાસે,

કાચીગુડા, હૈદરાબાદ ફોન ૯૨૪૮૮૫૮૫૮૮

**પ્રો. : ધવલ શાહ**

(જા.પ્ર.)

**Also Available Vadilal Products**

**WE ALSO UNDER TAKE PARTY ORDERS**

માતુશ્રી સુશીલાબેન હરિલાલભાઇ વેલજી નીસર પરિવાર ગામ વડાલા કચ્છ
હા. ડૉ. કાજલ વિપુલભાઇ નીસર તરફથી આગમશાસ્ત્ર (ગુજરાતી) ૩૫ પુસ્તકોનો સેટ
સમાજના સદુપયોગ માટે ભેંટ મળેલ છે. સર્વે ભાઇ-બહેનોને લાભ લેવા વિનંતી છે.
પાંજો પુસ્તકાલય આભાર વ્યક્ત કરે છે...

**પાંજો પુસ્તકાલય**, સી-૧૮, પ્રગતિ સોસાયટી, ૪-૧-૧૦, તિલક રોડ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧. ફોન. ૨૪૭૫ ૮૩૭૧

(જા.ખ.)


# SANGHVI COLLECTION

**Best Quality in Best Prize**

**Specialist in : Fashion Jewellery & Kurties etc..**



સીજેડ ફેન્સી જ્વેલરી, કુરતી અને લેગીન્સ, રજવાડી તોરણ,
ફેનસી તોરણ, શરારા, બાંધણી, ડિઝાઇનર, મટિરીયલ,
ચણિયા ચોળી વગેરે
દિવાળી ની ખરીદી કરવા જરૂર થી પધારો

*Contact :* Rajeshri P Sanghvi Mobile : 94403 58144
Shop No. 36, Royal Plaza, Sultan Bazar, Hyderabad



(જા.ખ.)



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી,
સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ. S-1157, Aug.09)

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

# BHAVANA TOURS & TRAVELS

RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES
DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally Hyd-20

(જા.ખ.)

''હોલસેલ ભાવે દવા મેળવવાનું સ્થળ''

Vikas Bangad Aditya Bangad

# USHA PHARMA

# 4-4-230/1, Inderbagh, Sultan Bazar, Hyderabad - 500 095.
Ph : 6522 3381, 2476 1623 Cell : 93910 10398

**ALL MEDICINES ON WHOLE SALE RATES**

(જા.ખ.)


MARVEL
BEAUTY PARLOUR
9247304982
We specializes in Bridal Make-up, Hairstyle & Mehendi, Skin, Anti Dandruff & Hair Treatment.
We conduct classes for
MEHANDI & BEAUTY COURSE
▪ Non Surgical Face Lifting
▪ Under Eye Dark Circle Treatment
▪ Skin Polishing Treatment
▪ Anti Dandruff Treatment
▪ Radiance Glow ▪ Lighting Facial
▪ Temporary & Permanent & Hair Straightening
SPECIAL OFFER FOR YOU
SPECIAL OFFER FOR BRIDAL PACKAGE
"BEAUTY PACKAGE" for just Rs.350/-
Bleaching or Hair Massage, Facial, Waxing, Pedicure, Manicure & Eyebrow
+ Rs. 50/- apply Hairdye or Heena
Contact in Person : PRAGNA H.SHAH
# G-4, Lakshmi Narayan Apartments,
Beside Mahalakshmi Dairy, Kutbiguda,
Kachiguda, Hyderabad - 27.


R.S. BANDHANI HOUSE
કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં
કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.
નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી
૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.
(જા. ખ. H-2750)

***Jai Jinendra***

Since 1998

*Wishing you all a Very Happy Diwali & Prosperous New Year*

Nagpur's "Gautam" Brand Sonpapdi prepared with Original Pista and Elaichi.

- **Best quality at wholesale rates (Rs. 160/- per kg.)**
- **Attractive box packing.**

for Orders & Enquiry Kindly Contact : **M.J. MEHTA**

Cell : 86884 30060, 93485 22288, 040-2755 2607

(ઢી.મ.)

DIVA

...exclusive Designer Wear

**Kunjal Shah -7799556780**

**# 4-2-578, Left Lane of NILGIRI MITHAI,**

**Police Station Lane,**

**Badichowdi, Hyderabad.**

**Designer Kurti, Leggings, Jeggings, T-Shirts, Salwar, Duppatta & Chudidar Duppatta Set**

**100% Guarantee** for not getting Bubblings on Leggings

**Flat 40% Off** on Limited Stock

(જા.ખ.)

।। શ્રી વિશલ માતાજીને નમઃ ।।

# ગાલા નુખના

## ભાવિકો અને નિયાણી બહેનો

જોગ,

સવિનય જણાવવાનુ કે ગાલા નુખના વિશલ માતાજી ને નમતા સર્વે ભાવિકોની સમુહ પહેડી તા. ૨૦-૧૧-૨૦૧૧ રવિવાર સવારના ૧૦.૩૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. તો સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સમુહ પહેડીમાં પધારવા ભાવભીનું આમંત્રણ છે.

**કાર્યક્રમ**

| | |
|---|---|
| ૧. માતાજીનું સામૈયુ (કચ્છી ભવનની બાજુથી) | ૧૦.૩૦ કલાકે |
| ૨. ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી | ૧૧.૦૦ કલાકે |
| ૩. માતાજીના સ્તુતિ ગીત-(૫) પાંચ | ૧૧.૧૫ કલાકે |
| ૪. માતાજીને પ્રસાદી જુવારવાનુ (ભાવિકો તરફથી ચિઠ્ઠી દ્વારા) | ૧૨.૦૦ કલાકે |
| ૫. માતાજીની આરતી (ભાવિકો તરફથી ચિઠ્ઠી દ્વારા) | ૧૨.૩૦ કલાકે |
| ૬. માતાજીની પ્રસાદી | ૦૧.૦૦ કલાકે |

આરતી પછી માતાજીની પ્રસાદી લેવાનું સર્વે ભાવિકો તથા નિયાણી બહેનો ને ભાવભર્યું આમંત્રણ છે.

**કાર્યક્રમમાં સમયસર પધારવા વિનંતી.**

નોંધઃ શ્રીફળ પ્રથા બંધ છે.

ભાવિકોને ખાસ વિનંતી કાળા વસ્ત્રો પહેરીને આવવું નહી.

લી. **ગાલા ભાવિક સંઘ,** હૈદરાબાદ

ના જયજીનેન્દ્ર

(જા.ખ.)

શુભ ।। અનંત ચૌવિશી જીન નમો ।। લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

**(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)**

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા**

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમ્પ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયા ની ઉપર, કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭.
આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫, ૯૨૪૬૫૩૨૫૪૫

શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ - કાચીગુડા હૈદરાબાદના ઉપક્રમે આયોજીત નિબંધ સ્પર્ધા ''મારા સો કરોડ સંપત્તિની ફાળવણી'' (મંદિર, હોસ્પીટલ, સ્કુલ-કોલેજ કે રહેઠાણ) ના પરીણામ જાહેર થયેલ છે, જે નિચે મુજબ છે :

૧) પ્રથમ પારીતોષીક — રૂ.૧૧૦૦૦/- રોકડા
શ્રી જેઠાલાલભાઇ એ શાહ, મુંબઇ-બાંદ્રા

૨) દ્વિતીય પારીતોષીક — રૂ. ૭૦૦૦/- રોકડા
શ્રીમતી અંજલીબેન જતીન લાપસીયા, જલગાંવ

૩) તૃતીય પારીતોષીક — રૂ. ૫૦૦૦/- રોકડા
શ્રીમતી ભારતીબેન ભરત લોડાયા, જલગાંવ

૪) ચતુર્થ પારીતોષીક — રૂ. ૩૦૦૦/- રોકડા
શ્રીમતી શૈલા નરેંદ્ર લોડાયા, જલગાંવ

૫) પ્રોત્સાહન પારીતોષીક — રૂ. ૧૦૦૦/- રોકડા
૧) શ્રીમતી કિરણબેન પ્રફુલચંદ શાહ, બોરીવલી, મંબઇ
૨) શ્રીમતી જયન્તભાઇ ગણશી જાગણી, સોલાપુર
૩) શ્રીમતી નંદાબેન મહેંદ્ર ગાલા, નાસીક
૪) શ્રીમતી લોપા ઇલેશ ધરોડ, ડોંબીવલી
૫) શ્રીમતી ચંદનબેન હરીશ હરીયા, હૈદરાબાદ

ઉપરોક્ત સર્વે વિજેતાઓને એમના ગામથી હૈદરાબાદ આવવા જવાની દ્વિતીય શ્રેણીની રેલ્વે ટિકીટ આપવામાં આવશ તથા રવિવાર દિનાંક ૬ નવેમ્બર ૨૦૧૧ ના કાચીગુડા થી આયોજિત શ્રી કુલપાક તીર્થ યાત્રા માં સન્માનભેર લઇ જવામા આવશે તથા તીર્થક્ષેત્રે આયોજિત સમારંભમાં વિજેતાઓને પારીતોષીકથી નવાજવામાં આવશે. આ નિબંધ સ્પર્ધામાં ભાગ લેનાર પ્રત્યેક સ્પર્ધકોને કાચીગુડા થી કુલપાક તીર્થયાત્રા શ્રી સંઘ તરફથી કરાવવામા આવશે. સર્વ સ્પર્ધકોને સમયસર હાજર રહેવા વિનંતી. (જા.ખ. F-2190)

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા, ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**
**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવાર ના જયજિનેન્દ્ર**

Surendra Gala &
Hemanth Metha's



SUNRISE PROJECTS

Peace Full Location

Deluxe 2 & 3 Bed Room Flats for Sale
At Basanth Colony, Kachiguda.
3 Minutes walking Distance from Jineshwardham

Contact: 9640439988 / 9246534226

(જા.ખ.)

*Ticket booking at a finger click,*
*You plan your holidays and we will build your travel.*

**Flight Tickets,**
**TrainTickets**
**Bus Tickets**
**Car Hire....**

*Just Contact this no. -* **Aashish V. Vora** *093911 77017*

*M/s. Vardhaman Dresses,*
*4-5-939, Badi Chowdi, Hyderabad*

(જા.ખ.)


Estd. 1981
Bombay Traders
# 2-1-327/20 & 21, Opp. S.B.H. Bus Stop, Nallakunta, HYDERABAD-44
Multi Brand Domestic Appliances & Kitchenware
✆ : 040 - 6625 7172, 6666 2728
Only at Bombay Traders
Dhamaka Exchange
Offer
Buy Panasonic Mixer Grinder & get Rs. 2,000/- Off
for your old Mixer (any Brand any Condition)
T&C Apply
Exchange offer also available for Pressure Cooker, Wet Grinder, Microwave/OTG, Non Stick Cook ware
ॐ
✆ : 040 - 6677 7172
Bombay Bags 'n' Novelties
# 2-1-502 & 503, Beside Food World, Nallakunta
HYDERABAD - 500 044.
Festival Exchange Offer
Bring your old Luggage Bag Any Brand, Any Condition
Any Size, Any Model and get upto 40% Discount On
V.I.P.
fastrack
Aristocrat
Liviya
HARISSONS
Samsonite
POLO
Summit
Rythm
D.M. Bags
Also available wide range of Indian & Imported Ladies Hand Bags
Fancy Clutches, Saree & Blouse Covers, Jewellery Boxes
Wallets, School & College Bags, Lap Top & Office Bags
Harakhchand Karani
98481 85125
Bharat Karani
98481 85595
Ketan Karani
98482 68475

સ્થાપના : ગાંધી જયંતિ ૧૯૭૪  લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુ !!  ફોન : ૨૪૭૫૫૩૩૧ ૬૬૭૩૫૩૩૧



# ગાંધી જ્ઞાન મંદિર યોગ કેન્દ્ર

(સર્વોદય વિચાર પ્રચાર ટ્રસ્ટ સંચાલિત)

યોગ સ્ટ્રીટ, કોઠી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫

Visit us : www.yogasimplified.com  Ph : Dr. Praveen Kapadia - 6673 5331, 6461 5331.
Ravindra - 6673 2484, 2476 5331, Anshul - 92465 75331, Vaishali - 94412 55331.

J યોગાસન, પ્રાણાયામ તથા ધ્યાન સાધનાનું **વિશ્વ વિખ્યાત યોગ કેન્દ્ર** ................
J અત્યાર સુધી **૩,૫૦,૦૦૦ થી વધુ** વ્યક્તિઓએ લાભ લીધેલ છે.....
J છેલ્લા ૩૭ વર્ષથી એક પણ દિવસની રજા વગર નિયમિત યોગ શિક્ષણ આપવાનું **વિશ્વ વિક્રમ** ધરાવતું કેન્દ્ર
J પ્રતિદિન મુખ્ય કેન્દ્રમાં **૫૦૦ થી વધુ** સાધકો યોગ સાધના માટે આવે છે.....
J અન્ય શાખા કેન્દ્રોમાં રોજ **૧૦,૦૦૦ થી વધુ** લોકો નિયમિત યોગાભ્યાસ કરીને જીવન સુખમય બનાવે છે.
J ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, અસ્થમા, સ્પોન્ડીલાઈટીસ, ગરદન, કમર તથા સાંધાનાં દુઃખાવા, મેદવૃધ્ધિ, ગેસ્ટ્રીક ટ્રબલ, કબ્જીયાત, ટેન્શન, નિરાશા જેવી શરીર-મનની અનેકવિધ બીમારીઓ-તકલીફોની **સુપર સ્પેશિયાલિસ્ટ ગેરન્ટેડ ટ્રીટમેન્ટ** કેન્દ્રની મુખ્ય વિશેષતા છે. એટલેજ શહેરના દરેક મોટા ડોક્ટરો, હોસ્પીટલો પોતાના પેશેંટોને અહીં રોજ મોકલે છે....
J સવારના ૪.૦૦ વાગ્યાથી રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી **સૌને અનુકુળ** એવા સમયે એક પછી એક **૧૨ સેશન્સ** ચાલે છે..
J **બ્હેનો માટે** અલગ ક્લાસ પણ હોય છે.....
J કચ્છી ભાઈ-બહેનો માટે **૭ દિવસ નિઃશુલ્ક યોગ શિક્ષણ** આપવામાં આવશે...
J મુખ્ય કેન્દ્રમાં આવી ન શકે એવા માટે **ઘરે પણ** યોગ શિક્ષણની વ્યવસ્થા છે.....
J **પ્રાકૃતિક ચિકિત્સા**-એનિમા, મસાજ, સ્ટીમબાથ વગેરેની કુશળ માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા છે.....
J અંકુરિત અન્નનો **પ્રાકૃતિક નાસ્તો** (રૂા. ૭) રોજ સવારના ૭.૦૦ થી ૮.૦૦ સુધી મળે છે.

## યોગના નવા કલાસ દર સોમવારથી શરૂ થાય છે.

### અદભૂત - અકસીર-અનુભવ સિધ્ધ સરકાર માન્ય દેશ વિદેશમાં લોકપ્રિય આયુર્વેદિક ઔષધિઓ

| | | |
|---|---|---|
| **આરોગ્યામૃતમ્** | **દંતામૃતમ્** | **ચ્યવન પ્રાશાવલેહ** |
| ડાયાબિટીઝ, બ્લડ પ્રેશર, અસ્થમા, દરેક જાતના તાવ, કમળો, દુઃખાવો, પેટ-લીવર-કિડનીના રોગ, બહુમુત્ર, બળતરા, સોજા વિ.ના નિવારણ હેતુ..... | દાંતોના દુઃખાવા, લોહી પડવા, પાયોરીઆ વિ.થી પૂર્ણ મુક્તિ માટે.. | શરીર-મનની શક્તિ, ચહેરાની રોનક, ક્રાંતિ, ધાતુ શક્તિ વધારવા માટે..... |
| **સૌદર્યામૃતમ્** | **કેશામૃતમ્** | **મનસામૃતમ્** |
| મેદ વૃધ્ધિ દૂર કરીને શરીરને સપ્રમાણ-સુંદર બનાવવા માટે... | સુંદર-લાંબા, દઢ-કાળા વાળો માટે તથા ખોડા-સફેદ વાળ વિ.થી સંપૂર્ણ મુક્તિ માટે... | મનની શાંતિ, યાદ શક્તિ, એકાગ્રતા વધારવા તથા અનિદ્રા, માનસિક તાણ, ભય દૂર કરવા માટે.. |
| **ઉદરામૃતમ્** | **અમૃત તેલમ્** | **શ્વાસનામૃતમ્** |
| ગેસ, એસીડીટી, અપચો, અરૂચિ, કબજીઆત દૂર કરવા માટે... | શરીર વેદના, સાંધાના દર્દ, સંધિવાત, આમ વાત, સર્વાંગ વાત દૂર કરવા માટેનું માલીશ તેલ.. | ખાંસી, શરદી, એલર્જી, દમ દૂર કરવા માટે... |

નિર્માતા : **બેટર હેલ્થ પ્રોડક્ટસ્**

(Mg. Dir. **ડૉ. પ્રવીણ કાપડિયા** (કચ્છ - પત્રીવાલા) ફોન.૨૪૭૫૫૩૩૧, ૯૨૪૬૫ ૭૫૩૩૧)

યોગ-આનંદ, પ્રેમબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫, ફોન (૦૪૦) - ૨૪૭૫૨૮૪૮, ૯૨૪૬૧૮૨૪૮૪

મંડળનો મેડીકલ કાર્ડ લઈને આવતાં ઉપરોક્ત બધી દવાઓ ઉપર ૧૦ ટકા ડીસ્કાઉંટ આપવામાં આવશે.

સ્થળ : ગાંધી જ્ઞાન મંદિર સમય : સવારના ૭.૦૦ થી ૧૨.૦૦, સાંજના ૫.૦૦ થી ૭.૦૦

દર મહિનાના ત્રીજા સોમવાર થી યોગા અને મેડિટેશન કોર્સ શરૂ થશે. (જા.ખ. F-1160)